# 3.0 લિંગ અને જાતિ

ડૉ.જગદીશભાઈ આર મહિડા

- બાળક જન્મે છે ત્યારે તે સ્ત્રી કે પુરુષ તરીકે જન્મે છે. પરંતુ તેનું સામાજિકીકરણ અલગ રીતે થાય છે.
- તેમાંથી લિંગ અને જાતિ વચ્ચેના અર્થનો તફાવત ઉદ્દભવે છે.
- જીવશાસ્ત્રીય રીતે શારીરિક દષ્ટિએ સ્ત્રી કે પુરુષ વચ્ચેનો તફાવત એ લિંગ છે.
- તેના આધારે સ્ત્રી જાતિ સ્ત્રી લિંગ અને પુરુષ જાતિ પુરુષ લિંગ તરીકેની ઓળખ નક્કી થાય છે.
- લિંગ એ જૈવિક વર્ગીકરણ છે જ્યારે જાતિ એ સામાજિક વર્ગીકરણ છે.
- લિંગ એ જીવશાસ્ત્રીય પરિભાષા છે. જે સ્ત્રી કે પુરુષ વચ્ચેની જૈવિક ભિન્નતા દર્શાવે છે.
- લૈંગિંક ભિન્નતાના કારણે સ્ત્રી કે પુરુષ વચ્ચે ભિન્નતા સર્જાય છે.
- <u>જાતિઃ જેનીલ શબ્દ પરથી તેની વ્યુત્પતિ થઈ છે.</u>
- જેન્ડર એટલે સ્ત્રી કે પુરુષનાં લક્ષણો ( પુરુષત્ત્વ કે સ્ત્રીત્વ)
- તેમના વર્તનની ઢબ તેમને સ્ત્રી કે પુરુષ હોવાની વિભાવના આપે છે.
- જાતિ એ સાંસ્કૃતિક બાબત છે.
- જાતિ એ સ્ત્રી કે પુરુષ ના વર્તનનાં લક્ષણો અને ભૂમિકાનો નિર્દેશ કરે છે.
- સમાજના બંધારણમાં સ્ત્રી કે પુરુષની ભૂમિકા, જવાબદારી અને લાક્ષણિકતાઓ સાથે જાતિની સંકલ્પના જોડાયેલી છે.
- લિંગ પાકૃતિક અને જીવશાસ્ત્રીય બાબત છે જયારે જાતિ સામાજિક કે સાંસ્કૃતિક બાબત છે.
- લિંગ બદલી શકાતું નથી. પરંતુ કેટલીક વાર જાતિના ખ્યાલો બદલાય છે.
- સ્ત્રી કે પુરુષ વચ્ચેના તફાવત જોઈ શકાય જ્યારે જાતિમાં સ્ત્રી પુરુષ વચ્ચે કોઈ વાર સમાનતા કે કે વિવિધતા પણ જોવા મળે.
- લિંગ અંગે સમગ્ર વિશ્વમાં એક સમાનતા જોવા મળે જયારે જાતિ બાબતે સમયાંતરે સામાજિક અને સાંસ્કૃતિક ખ્યાલોમાં બદલાવ આવવાથી તેમાં બદલાવ આવે છે.
- લિંગના આધાર રંગૂત્રો પર છે જ્યારે જાતિ ખ્યાલો આધારિત છે.
- લિંગ માનવ શરીર અને તેના વિવિધ અવયવો સાથે સંબંધિત છે જયારે જાતિ માનવની સામાજિકીકરણ પ્રક્રિયા સાથે સંબંધિત છે.
- જાતિ સમાનતાઃ આજે ૨૧ મી સદીમાં પણ જેન્ડર આધારિત પરંપરાગત માનસને પડકારવામાં આવી છે.

આજે પુરુષ સમાજમાં ઉચ્ચ દરજ્જો ભોગવી શકે છે એવી રીતે સ્ત્રી પણ કાબેલ હોય તો તે પણ ભોગવી શકતી નથી. આ માનસિકતા ઘર કરી ગઈ છે.

- સમાનતા એટલે બે બાબતોમાં સરખાપણું, સમાનગુણ વાળું, સહુને સમાન ગણવા,
- જાતિ વિષયક સમાનતા એટલે કદ, આકાર, રકમ, તીવ્રતા, સ્થાન, પ્રતિષ્ઠા, સત્તા, લાયકાત વગેરેની પ્રાપ્તિમાં સમાન હિસ્સો, ન્યાયપૂર્ણ વહેંચણી

❊ <u>જાતિ અસમાનતાના સ્થાનો:</u>

⇨ બંને એક જ ફિલ્ડમાં નોકરી કરતા હોય અને બંનેને વેતન અલગ અલગ

⇨ અમુક ફિલ્ડમાં સ્ત્રીઓ ન જઈ શકે. પાયલોટ, રીક્ષા ચાલક કે ટ્રેન ચાલક

⇨ બાળ ઉછેર, નર્સિંગ કે સફાઈ કે રસોઈ કામમાં પુરુષોનું સ્થાન વધેલ છે.

❊ **પૂર્વગ્રહ:** કોઈ એક જાતિ પ્રત્યેનો ખેંચાવ--- પક્ષપાત કે પૂર્વગ્રહ જેમાં સ્ત્રીઓના હક અથવા તો તેના **જાતિ** તરફના પૂર્વગ્રહની જ વાત કરી રહ્યા હોય

⇨ વ્યક્તિ જ્યારે જન્મે છે ત્યારે શારીરિક રીતે તે નર કે માદા સ્વરૂપે જ હોય છે. અને જ્યારે તેણે સમાજમાં વિકાસ પામે ત્યારે તેણે સ્ત્રી તરીકે અને પુરુષ તરીકે કયા કામો કરવાં તેની સમજ આપવામાં આવે છે.

⇨ તે રીતે જ તેનું સામજિકીકરણ  થાય છે. તેના વિકાસમાં જાતિને ધ્યાનમાં લેવામાં આવે છે જેને <u>જેન્ડર બાયસ</u> કહેવામાં આવે છે.

⇨ જાતિ પૂર્વગ્રહ એ કોઈ જાતિ પ્રત્યેનો પૂર્વગ્રહ કે પક્ષપાત જ છે. મોટાભાગે આ પ્રકારનો બાયસ સ્ત્રીઓ પ્રત્યે વધારે જોવા મળે છે.

⇨ પુરુષ પ્રધાન સમાજમાં પુરુષને કેટલાક કાયદાઓ આપોઆપ મળી જાય છે.

⇨ આ પ્રકારનો પક્ષપાત ,ઘર, પરિવાર, શાળા, કામનું સ્થળ તમામ સ્થળે જોવા મળે છે.

⇨ વેતન, મતદાન, અને કેટલીક છૂટછાટો

⇨ મમ્મી એટલે જમવાનું બનાવે, પિતા બહાર નોકરી કરે

⇨ પુરુષ  રડી ન શકે, કપડાં ધોવા કે વાળવાનું કામ ન કરી શકે

⇨ સ્ત્રીઓએ ઘરમાં અને સમાજમાં ધીમા અવાજે વાત કરવી, ઊંચા અવાજે તો નહીં જ

⇨ મહિલા સશક્તિકરણ એટલે મહિલાઓને આત્મસન્માન, આત્મનિર્ભરતા, અને આત્મવિશ્વાસનું સ્તર ઉન્નત બનાવવાના પ્રયાસો.

⇨ આજે આ ચીલો બદલવાની વાત છે. ખ્યાલો બદલવા પડશે.

⇨ ઘરકામ, સફાઈ,રસોઈ (ઘર જમાઈ)  જેવી સિરિયલોને કોમેડી ન બનાવતાં તેની પ્રશંસા કરવી જોઈએ.

⇨ મીડીયા અને જાહેરાતો અને સ્કૂલ જ આ માનસિકતાને બદલાવી શકે તેમ છે.

❊ **સશક્તિકરણ : નબળી પરિસ્થિતિમાંથી સશક્ત , સારી પરિસ્થિતિમાં લઈ જવું.**

⇨ આજે જે બાયસ છે તે આ છે : કોઈ એક સિરીયલમાં છોકરાને  કોઈ એક પાત્ર તેની બહાદુરીને દર્શાવવા માટે રજૂ કરાય છે. જ્યારે તેની મિત્ર તરીકે એક છોકરીને નાજૂક નમણી અને રમણિયાતાના સંદર્ભમાં દર્શાવાય છે. અહીં એ જોવા મળે છે કે છોકરાનું કામ બહાદુરીનું અને છોકરીઓનું કામ શણગાર કરીને ફરવાનું. એટલે કે છોકરીઓએ પોતાના જીવન માટે શારીરિક, સામાજિક અને આર્થિક રીતે મજબૂત હોય તેવા જીવન સાથી શોધવાનો છે જે તેને ઉગારી શકે.

⇨ શાળામાં પણ આવા ભેદભાવ: છોકરાઓ નાટકમાં છોકરીઓ ગરબામાં

⇨ ઓજારોનું મહત્ત્વ કે યાંત્રિક માહિતી છોકરાઓને અને ઘરગથ્થું કામ માટે છોકરીઓની પસંદગી

⇨ પાઠ્યપુસ્તકોમાં છોકરાઓને તેના મિત્ર સાથે રમતો દર્શાવાય અને છોકરીઓને માતાને ઘરકામમાં મદદ કરતી હોય, નાનાભાઈને રમાડતી હોય, છોકરો ક્રિકેટ રમે

⇨ ઘણીવાર કોઈ વિચાર કે તર્ક કે અનુમાન, કલ્પના જેવી બાબતો પર ભેદભાવ

⇨ તેની શક્તિઓને ઓળખવી

⇨ આ અંગે કેટલાંક અભ્યાસો થયાં છેઃ બ્રોવરમેન એમ કહેવા માગે છે કે સમાજમાં સ્ત્રી અને પુરુષ માટે લોકો કેવી અપેક્ષા રાખે છે.

⇨ સ્ત્રીઓઃ નમ્રતા , શાંત સ્વાભાવની, બીજાઓની લાગણી પ્રત્યે વધુ સભાન એટલે લાગણીશીલ અને સંવેદનશીલ( લજામણી જેવી), કળા અને સાહિત્ય પ્રત્યે તેનો અનેરો લગાવ હોય, સ્વચ્છ અને સ્વચ્છતાની ટેવોને અનુસરે,ધાર્મિક અને સ્વ દેખાવમાં વધુ રસ, નાજુક લાગણીઓ પ્રદર્શિત કરે(ચંચળતા), કઠોર શબ્દનો ઉપયોગ ન કરે(શિસ્ત અને શિષ્ટતા), સુરક્ષાની સૌથી એષણા

⇨ જ્યારે પુરુષોમાં તાર્કિક અને દુન્વયી રીત રસમો જાણે, જાગ્રત વિચારોથી લાગણીઓને જુદી પાડે --- લાગણીઓને ઓળખી નિર્ણય લે( ખોટી રીતે ફસાય નહીં), સાહિત્ય કરતાં ગણિત અને વિજ્ઞાનમાં રસ, ક્રિએટીવ માઈન્ડ, સ્ત્રીઓ સ્ત્રી મિત્ર સાથે કેટલીક બાબતોમાં સંયમ રાખી શકે છે જ્યારે પુરુષો સમોવડિયા મિત્રો સાથે મુક્ત મને વાત કરી શકે છે. ધાર્મિકતા કરતાં તેઓ આત્મવિશ્વાસ પર ભાર મુકે છે.

⇨ સારા દેખાવા માટે દંભ કરતા નથી. પોતાના મનની બાબતો ખુલ્લેઆમ રજુ કરી શકતા નથી. અંતરમાં સંતાડી શકે છે. સ્ત્રી સહજ સ્વભાવની માફક તેઓ કદી રડતાં નથી. સહનશીલ બને છે. કોઈ વિકટ પરિસ્થિતિનું નિર્માણ થતાં તેઓ આક્રમક અને સ્વાયત્ત બને છે. નાની નાની બાબતોને ધ્યાનમાં પણ આપતા નથી. જ્યારે સ્ત્રી અંદરથી બળ્યા કરે.

સશક્તિકરણઃ એટલે નબળી પરિસ્થિતિમાંથી સશક્ત સ્થિતિ તરફ લઈ જવું.

⇨ જાતિ પૂર્વગ્રહના ખ્યાલના કારણે વ્યક્તિનો તેની ક્ષમતા અનુસાર વિકાસ થતો નથી. રુંધાય છે. પરિણામે સ્ત્રી પોતાની શક્તિ અને અભિયોગ્યતાનો વિકાસ કરી શકતી નથી.

⇨ ઘણી વાર કાબેલ હોવાં છતાં સામજિક જડ માળખાના કારણે આગળ ભણવા દેવામાં આવતી નથી અને શક્તિઓ અને શોખ રુંધાય છે.

⇨ પોતાની શક્તિઓના ભંડારને અંદર જ ધરબી દે છે. મોટા ભાગે આવું સ્ત્રીઓ માટે જ બને છે.

⇨ પુરુષો પોતાના રસના ક્ષેત્રોમાં જ આગળ વધે છે. આ વસ્તુ તો આદી કાળથી એટલે વિશ્વની પ્રાચીન સંસ્કૃતિથી આજની આધુનિક યુગ સુધી જોવા મળે છે.